# ક્રિમિયન કોંગો હેમરેજીક વાયરલ ફીવર
# લક્ષણો, નિદાન અને સાવચેતીનાં પગલા



: પ્રકાશક :

વેટેરીનરી પેરાસાયટોલોજી વિભાગ
વેટેરીનરી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮૦૦૧.
વર્ષ : ૨૦૧૬

**ક્રિમિયન કોંગો હેમરેજીક વાયરલ ફીવર** એટલે કે **CCHF** રોગ એ **બન્યાવાઈરીડી** ફેમિલીમાં **નેઈરો વાઈરસ**થી મનુષ્યમાં થતો રોગ છે. જેના ફેલાવા માટે Tick **ઈતરડી** એ **વેકટર વાહન** સાધન માત્ર તરીકે ભાગ ભજવે છે. આમ આ રોગ ઈતરડીજન્ય રોગ છે. સામાન્યત: ઈતરડી - **હાયલોમા *Hyalomma spp.*** છે અને તે રોગના ફેલાવા માટે જવાબદાર છે. મનુષ્યમાં થતા આ રોગ માટે **Asymtomatic Carrier** એટલે કે પશુઓમાં કોઈ પણ પ્રકારના ચિન્હો દેખાડયા સિવાય ફક્ત તે રોગના **Nairo group** ના Virus (વિષાણુ)ના વાહક તરીકે ભાગ ભજવે છે. આ રોગ સૌ પ્રથમ ક્રિમીયાની અંદર ૧૯૪૪માં જોવા મળેલ છે, જે બાદમાં ૧૯૬૯ માં કોંગોમાં જોવા મળેલ, જેના કારણે તેને **ક્રિમિયન કોંગો** તરીકે ઓળખવામાં આવે છે.

- ઘણાં જંગલી તેમજ પાલતું પ્રાણીઓ જેવા કે ગાય-ભેંસ, ઘેંટા-બકરાંના શરીર ઉપર આ ઈતરડી રહે છે.
- માણસમાં આ રોગનો ફેલાવો હાયલોમા ટીકસ (ઈતરડી)ના કરડવાથી ફેલાય છે. ત્યારબાદ આ રોગનો ફેલાવો એક માણસમાંથી બીજા માણસમાં ચેપી લોહી કે અન્ય સ્ત્રાવના સંસર્ગથી થાય છે.
- હોસ્પિટલોમાં તબીબી સાધનોના અપૂરતા સ્ટરીલાઈઝેશન, સીરીંઝ નીડલના ફરી વપરાશ તેમજ તબીબી સાધનોના ચેપથી પણ આ રોગ ફેલાતો હોવાનું નોંધાયેલ છે.
- આ રોગનો ઈંક્યુબેશન પિરિયડ (સંક્રમણ સમય) મોટે ભાગે ૧ થી ૯ દિવસ હોય છે, પરંતુ મનુષ્યથી મનુષ્યમાં ફેલાવા દરમ્યાન ૧૫ દિવસ સુધી પણ ઈંક્યુબેશન પિરિયડ જોવા મળેલ છે.

**માણસમાં રોગનાં લક્ષણો :**

- માથું દુ:ખવું
- પીઠનો દુ:ખાવો

- પેટનો દુ:ખાવો
- આંખો લાલ થવી
- તાળવામાં લાલ કલરના ચકામાં
- ઈન્જેકશનની જગ્યાએ લોહી વહેતું રહેવું
- ખૂબ વધારે તાવ, ૧૦૨ ડિગ્રી કે તેથી વધારે
- સાંધાનો દુ:ખાવો
- ઊલ્ટીઓ થવી
- ગળાનાં ભાગમાં ચેપ
- કમળો
- નાકમાંથી લોહીનું વહેવું

**નિદાન :**

આ રોગનું નિદાન નીચે મુજબના જુદા જુદા લેબોરેટરી ટેસ્ટ દ્વારા થઈ શકે છે.

- એલિઝા ટેસ્ટ
- એન્ટિજન ડીટેકસન ટેસ્ટ
- સીરમ ન્યુટ્રલાઈઝેશન ટેસ્ટ
- આર.ટી.-પી.સી.આર.એસે.
- વાયરસ આઈસોલેશન બાય સેલ કલ્ચર
- દર્દીમાં પ્રથમ થોડાક દિવસ દરમ્યાન Antibody નું પ્રમાણ ઓછું હોવાને લીધે તે દરમિયાન લોહી અથવા માંસપેશી (tissue) ના નમૂના લઈ વિષાણુ અથવા RNA detection દ્વારા નિદાન કરી શકાય છે. નમૂનાનું એકત્રીકરણ, પરિવહન કે પરિક્ષણ કરતી વખતે ખાસ બાયોસેફટી લેવલ ધ્યાને લઈ કામગીરી કરવી જોઈએ.

**રોગનો મૃત્યુદર :**

- માણસોમાં (મનુષ્યમાં) આ રોગ ૯ થી ૫૦ ટકા સુધીનો મૃત્યુ દર છે.

**પશુઓમાં આ રોગ અન્વયેની બાબત.....**

- પશુઓમાં આ રોગના કોઈ ખાસ લક્ષણો જોવા મળતા નથી.

**આ રોગ કોને થઈ શકે ?**

- પશુપાલનની વ્યવસ્થા સાથે સંકળાયેલ વ્યક્તિઓને
- કતલખાનામાં કામ કરતી વ્યક્તિઓને
- પશુઓ દ્વારા મનુષ્યમાં રોગ પ્રસરવાની શક્યતાઓ કતલખાનાં જ્યાં પશુઓ કતલ થતા હોય તેવા સ્થાનેથી પશુઓમાં આ રોગ પ્રસરી શકે છે. જેને ધ્યાને લઈને પશુઓની કતલ થતી હોય તેવા વિસ્તારોથી પશુઓ દૂર રહે તે જોવું તેમજ કતલખાનામાં કામ કરતી વ્યક્તિઓએ ખાસ સાવધાની રાખવી.

**આ રોગના અટકાવવા માટેના પગલાં :**

એક સમજુ પશુપાલક તરીકે અને સમજદાર નાગરિક તરીકે

- પશુઓ ઉપરની Tick ઈતરડીને દૂર કરવા અર્થે પશુઓ ઉપર ઈતરડીનાશક દવા લગાડવી.
- પશુઓના રહેઠાણને સ્વચ્છ રાખવા.
- જેમ કે ઈતરડીના છુપાવવાના સ્થાનો, કોઢ-ગમાણ, તેની આજુબાજુની દિવાલોની તિરાડો-બખોલો, પશુઓના બેસવા અર્થે પાથરેલું બેડીંગ મટીરીયલ-પરાળ, માટી, કુશકી, છારું વિગેરે દૂર કરીને ચૂનો નાંખીને નવું સ્તર પાથરવું.
- પાણીના સ્ત્રોતો કે જ્યાં પાણી ભરાઈ રહેતું હોય, કાચું રહેઠાણ-છાંપરૂ અને લાકડાંનો ઉપયોગ કરીને બનાવેલ રહેઠાણના કિસ્સામાં તે ઉપયોગ કરાયેલ લાકડાંની તિરાડો, બખોલો વિગેરે કે જ્યાં ઈતરડી છૂપાઈને તેના ઈંડા મૂકી શકે છે, તે સઘળી જગ્યાઓને દવા છંટકાવ કરીને આરક્ષિત કરવી જરૂરી છે.
- આવી જગ્યાઓએ ૧૫ દિવસ બાદ છંટકાવની કામગીરી પુનઃ કરવી જે ઈતરડીના જીવનચક્રને નાશ કરવા ખાસ જરૂરી છે.
- ઈતરડીનાશક દવાઓ છાંટી હોય તે જગ્યાએ પશુઓને આ સમય દરમ્યાન બાંધવા નહી અને તેનો ઘાસચારો એવં પાણીની વ્યવસ્થા તે ગાળા દરમ્યાન અન્ય જગ્યાએ રાખવી. ત્યારબાદ પશુઓના ગમાણમાં તિરાડો વગેરે પૂરીને સાફ-સફાઈ કર્યા પછી જ પશુઓને પરત બાંધવા. પશુઓના શરીર ઉપર ઈતરડીનાશક દવા છાંટતી વખતે તેનું મોઢું બાંધી રાખીને,

ગમાણમાંથી દૂર ખુલ્લામાં લઈ જઈને પછી દવા લગાવવી અને ત્યારબાદ પશુઓની સાફ-સફાઈ ચોખ્ખા પાણીથી કરવી. આ સઘળી ઈતરડીનાશક દવાઓ પશુચિકિત્સક અધિકારીના માર્ગદર્શન મુજબ આપવી હિતાવહ છે જેવી કે એમીટ્રાઝ, કાર્બારીલ, સાઈપરમેથ્રીન, ડેલ્ટામેથ્રીન, ફેનવેલેરેટ, ફીપ્રોનીલ, ફલુમેથ્રીન, ઈમીડાકલોપ્રીડ, પરમેથ્રીન તથા પોર-ઓન તરીકે ફલુમેથ્રીન, પરમેથ્રીન જેવી ઈતરડીનાશક દવાઓ વડે આ ઉપદ્રવને અટકાવી શકાય છે. આ ઈતરડીનાશક દવાઓ ઝેરી હોવાને કારણે મનુષ્ય અને પશુઓના સ્વાસ્થ્યને અનુલક્ષીને ખૂબ જ ધ્યાન રાખી પશુચિકિત્સક અધિકારીના માર્ગદર્શક હેઠળ વાપરવી જરૂરી છે.

- આ રોગ રોગગ્રસ્ત પશુનું પાકું રાંધ્યા વિનાનું કાચું માંસ ખાવાથી થઈ શકે છે જેથી આ અંગેની સમજણ બૃહદ રીતે જાહેર જનતા જોગ આપવી.
- પશુ સારવાર સાથે સંકળાયેલ લોકોએ ખાસ કરીને ઈન્જેકટેબલ સોલ્યુશન-ઈન્ટ્રામસ્કયુલર કે ઈન્ટ્રાવીનસ થેરાપીથી સારવાર કરતી વખતે હેન્ડ ગ્લોવ્સ, ગોગલ્સ, ગમ બૂટ અને સ્પેકસ પહેરીને જ કરવા સૂચન છે. સાથો સાથ પ્રમાણિત રિપેલન્ટ ચામડી તથા કપડાં પર લગાવી ઈતરડીના કરડવાથી બચી શકાય છે.
- પશુઓમાં અંદરના અવયવો કે ચામડી ઉપરનાં ચકામાં પરથી નિકળતું લોહી, પરૂ કે પ્રવાહી વિગેરેને સાફ કરતા પૂર્વે ઉપર જણાવ્યા પ્રમાણે ખાસ તકેદારી રાખીને જ સારવાર કરવા માટે અસરગ્રસ્ત પશુઓના સંપર્કમાં આવવું અને સારવાર બાદ વ્યવસ્થિત પણે એન્ટિસેપ્ટીક સોલ્યુશનથી હાથ ધોવા.
- પશુઓમાં રોજિંદા માંદગીના કેસો સિવાયના ચિન્હો જણાય ત્યારે ઉપર પ્રમાણેની ખાસ સાવધાની રાખીને સારવાર કરવી.
- તમારા વિસ્તારના પશુઓમાં વધુ પડતા મૃત્યુ કે બિમારી જોવા મળે તો ત્વરિત નોંધ લેવી અને તે અંગેનો રિપોર્ટ કરવો અને પશુઓના - પશુપાલન વ્યવસાય

સાથે સંકળાયેલા વ્યક્તિઓમાં પણ જો કોઈ બિમારીના ચિન્હો જેવા કે વધુ પડતો તાવ, શરીરનો દુઃખાવો, શરીર ઉપર ચાઠાં, સાંધાનો દુઃખાવો, ઊલ્ટીઓ થવી, વિગેરે માલૂમ પડે તો ત્વરિત નજીકના આરોગ્ય વિભાગને જાણ કરવી જોઈએ.

- પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિઓને બિમાર પશુ કે મૃત્યુ થયેલ પશુઓનાં સંપર્કમાં આવતા સમયે જરૂરી પર્સનલ પ્રોટેકટીવ (અટકાવવાના) પગલાં લેવા ખાસ સૂચના છે. તેમજ ઈતરડી / કથીરીના સંપર્કમાં આવવું નહી.
- પશુઓમાં જોવા મળતા ઈતરડી / કથીરીના નિયંત્રણ માટેની કાર્યવાહી કરવી જરૂરી છે. તે સૌથી મહત્વની તથા અગત્યની બાબત છે. આ માટે પ્રમાણિત (એપ્રુવ્ડ) એકેરીસાઈડ (ઈતરડીનાશક) દવાઓનો છંટકાવ-સ્પ્રે પશુચિકિત્સક અધિકારીની સલાહ અને માર્ગદર્શન મુજબ કરવો.
- જિલ્લાના પશુપાલન સારવાર અને વ્યવસાય સાથે સંકળાયેલા અન્ય સંલગ્ન સંસ્થાઓએ પણ ઉપરોક્ત મુદ્દાઓ ધ્યાને લેવાના રહે છે.
- રસી ઉપલબ્ધ ન હોય, માત્ર આ રોગ વિશે લોકોને શિક્ષણ, ચોપાનીયા, લીફલેટસ, જાહેરાતના માધ્યમથી જાણકારી આપી જાગૃત કરી શકાય.


**• માર્ગદર્શકો •**

| | |
|---|---|
| ડૉ. જીગર જે. હસ્નાની | ડૉ. જે. બી. નાયક |
| ડૉ. સુચિત એસ પંડયા | ડૉ. એમ. એન. બ્રહ્મભટ્ટ |
| ડૉ. પી. વી. પટેલ | ડૉ. એમ. કે. ઝાલા |
| ડૉ. એન. ડી. હીરાણી | ડૉ. સ્નેહલ એમ. પટેલ |



**પ્રકાશન શ્રેણી નંબર : - EDU - ૩:૨:૨૦૧૬:૧૦૦૦**